# પીએસએલવી-સી૨૧ દ્વારા બે વિદેશી ઉપગ્રહ પરિભ્રમણ કક્ષામાં મુકાયા

## ૫૧ કલાકનાં કાઉન્ટ ડાઉન બાદ સવારે ૯.૫૧ વાગે પીએસએલવી-સી૨૧ની સફળ ઉડાણ

ચૈન્નઈ, તા.૯

ભારતીય અવકાશ સંસોધન સંસ્થાએ (ઈસરો) આજે ઐતિહાસિક સિદ્ધી મેળવી હતી. પોલાર સેટેલાઈટ લોન્ચ વેહિકલ (પીએસએલવી-સી૨૧) બે વિદેશી ઉપગ્રહોને સફળ રીતે પરિભ્રમણ કક્ષામાં મુકી દેતા ભારતીય વૈજ્ઞાનિકોમાં અને નિષ્ણાંતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ભારતે સ્પેશ મિશનમાં આની સાથે જ સદી પુરી કરી લીધી છે. પીએસએલવીનાં લોન્ચ સાથે જ વૈજ્ઞાનિકો જુમી ઉઠ્યા હતા. ભારતનાં ૧૦૦માં મિશનની પુર્ણાહુતી થતાં વૈજ્ઞાનિકોમાં ઉજવણી શરૂ થઈ હતી. શ્રીહરી કોટાનાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી આજે સવારે ૯.૫૧ વાગે પીએસએલવી-સી૨૧નો સફળ રીતે લોન્ચ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. વડાપ્રધાન મનમોહનસિંહ સવારે ૯.૫૧ વાગે પીએસએલવીનાં લોન્ચ વેળા ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય અંતરિક્ષ સંસોધન સંસ્થા ઈસરોનાં લોન્ચીગની સાથે ફ્રાંસ અને જાપાનનાં એક-એક ઉપગ્રહો પણ લઈ જવાયા છે. અત્રે ઉલ્લેખનિય છે કે શુક્રવારે ૧૦૦માં મિશન માટે ૫૧ કલાકનું કાઉન્ટ ડાઉન શરૂ થયું હતું. સવારે ૬.૫૧ વાગે આંધ્રપ્રદેશનાં શ્રીહરી કોટા ઉપગ્રહ કેન્દ્રમાં આ કાઉન્ટ ડાઉન શરૂ થયું હતું. આ મિશન બાદ હવે તમામની નજરો ભારતનાં મિશન માર્સ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. પીએસએલવી-સી૨૧ રવિવારે સવારે ૯.૫૧ વાગે ઉડાણ ભરી હતી. પીએસએલવીનાં આ મિશનની સાથે ૭૧૫ કિલોગ્રામ વજનવાળા ફ્રાંસનાં ઉપગ્રહ સ્પોટ-૬ પણ છોડવાની કવાયત હાથ ધરાઈ હતી. પીએસએલવી દ્વારા છોડવામાં આવનાર હજુ સુધીનું આ સૌથી વધારે વજન ધરાવનાર ઉપગ્રહ છે. જ્યારે જાપાની ઉપગ્રહનું વજન ૧૫ કિલોગ્રામ છે. તેનું નામ પ્રાયટેરેસ રાખવામાં આવ્યું છે. ઈસરોનાં ૧૦૦માં મિશનની સફળતાને લઈને ઉજવણીનાં ભાગરૂપે બેઠકો પણ યોજાઈ હતી. ૧૯૭૫માં ઈસરોએ તેની પ્રવાસની શરૂઆત કરી હતી. ત્યારબાદથી આ ૧૦૦માં મિશન સુધી ઈસરોને પહોંચવમાં સફળતા હાથ લાગી છે. તેના પ્રથમ સેટેલાઈટ આર્યભટ્ટનાં લોન્ચ સાથે ૧૯૭૫માં આ યાત્રા શરૂ થઈ હતી. ચૈન્નઈથી આશરે ૧૦૦ કિલોમીટર ઉત્તરે શ્રીહરી કોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી પીએસએલવી-સી૨૧નાં લોન્ચ વેળા ઘણી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. ૧૭મિનિટ ૪૯ સેકેન્ડનાં ગાળામાં પીએસએલવી-સી૨૧એ પ્રથમ ઉપગ્રહ ફ્રાંસનાં સ્પોટ-૬ને પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદ બીજા ઉપગ્રહ જાપાની પ્રાયટેરેસને પણ પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં સફળતા હાથ લાગી હતી. એક વખતે ઉપસ્થિત વૈજ્ઞાનિકોનાં જીવ ઉંચા થઈ ગયા હતા. કારણ કે રોકેટમાં આંશિક ખામી દેખાઈ રહી હતી. મિશન સફળ છે તેવી જાહેરાત કરવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકો જુમી ઉઠ્યા હતા અને એકબીજાને ભેટી પડ્યા હતા. વડાપ્રધાને વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા હતા. પીએસએલવીની આ ૨૧મી સતત સફળ ઉડાણ હતી. પીએસએલવી-સી૨૧ ભારતનાં ૩૮માં સેટેલાઈટ લોન્ચ વેહિકલ છે. જેને શ્રીહરી કોટાથી લોન્ચ કરવામાં આવતા પહેલા તમામ પરિબળો અને પેરામિટરોની ચકાસણી કરવામાં આવી હતી. ભારતે હજુ સુધી ૬૨ ભારતીય ઉપગ્રહોને પરિભ્રમણ કક્ષામાં મુક્યા છે. ઉપરાંત ઈસરો અન્ય દેશોને પણ મદદરૂપ થવામાં સફળ છે. ઘણાં દેશો તેમનાં સેટેલાઈટને લોન્ચ કરવા માટે ભારત પાસે આવી રહ્યા છે. ભારતે સેટેલાઈટ લોન્ચનાં ક્ષેત્રમાં ઉલ્લેખનિય સફળતા હાંસલ કરી લીધી છે.

**ઇસરોનાં વૈજ્ઞાનિકો પર ગર્વ : સિંહ**

### ભારતે એક ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે

ઈસરોનાં ૧૦૦માં મિશનની સફળતાનાં પ્રસંગે વડાપ્રધાન મનમોહનસિંહે તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા છે. વડાપ્રધાને કહ્યું છે કે ભારત માટે આ ઐતિહાસિક સિદ્ધી છે. અંતરિક્ષ મિશનને અભુતપુર્વ સફળતા તરીકે ગણાવીને સિંહે કહ્યું હતું કે આ ભારતીય અંતરિક્ષ ઉદ્યોગની વાણિજ્ય સ્પર્ધા માટે શ્રેષ્ઠતાનો દાખલો છે. સતીશ ધવન સ્પેશ સેન્ટર ખાતે લોંચ બાદ સિંહે કહ્યું હતું કે અમારા દેશની અંતરિક્ષ ક્ષમતાં આ મિશન દર્શાવે છે. બે વિદેશી સેટેલાઈટને પણ લોંચ કરવામાં આવ્યા છે. તમામ ભારતીયો તરફથી હું ઈસરોનાં વૈજ્ઞાનિકોને અભિનંદન આપુ છું. વિશ્વ સ્તરની સુવિધાઓ સ્થાપિત કરીને સ્પેશ વૈજ્ઞાનિકોએ દેશનાં લોકોને ગર્વ કરવાની તક આપી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભારત આ વર્ષે પોતાનાં અંતરિક્ષ કાર્યક્રમનાં ૫૦ વર્ષ પરિપુર્ણ કરનાર છે.

## મજબુત આંતરિક ઓડિટ સિસ્ટમની ભલામણ કરાઇ

નવી દિલ્હી, તા.૯


કટોકટી ગ્રસ્ત કિંગફિશર એર લાઈન્સનાં ઓડિટરોએ કહ્યું છે કે કિંગફિશરને તેની આંતરિક ઓડિટ વ્યવસ્થાને વધુ મજબુત કરવાની જરૂર છે. ઓડિટરોએ દેવાની ચુકવણી નહીં કરવા અથવા તો ચુકવણી કરવામાં વિલંબ કરવા સહિતનાં ઘણા બધા પ્રશ્નો ઉપર ચિંતા વ્યક્ત કરી છે.કિંગફિશરનાં એકાઉન્ટમાં ગંભીર નિરિક્ષણ કર્યા બાદ વર્ષ ૨૦૧૧-૧૨ માટેનાં તેમનાં અહેવાલમાં ઓડિટરોએ કહ્યું છે કે કંપનીએ તેનાં ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટ હાલમાં ચાલી રહેલી બાબતોને ધ્યાનમાં લઈને તૈયાર કર્યા છે. હાલમાં તેની સંપત્તિ બિલકુલ ઘટી ગઈ હોવા છતાં તેની તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. કિંગફિશરનું નેટ નુકશાન વર્ષ ૨૦૧૧-૧૨માં વધીને ૨૩૨૮ કરોડ સુધી પહોંચી ગયું છે. અગાઉનાં વર્ષમાં ૧૦૨૭ કરોડ હતું કિંગફિશરનાં પાઈલોટોની વારંવાર હડતાળનાં કારણે પણ તેને માઠી અસર થઈ છે. મેનેજમેન્ટને લઈને વારંવાર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ૨૬મી સપ્ટેમ્બરનાં દિવસે તેમની એજીએમની બેઠક પહેલા તમામ સંબંધિત લોકોને કિંગફિશર એરલાઈન્સ વાર્ષિક અહેવાલ ૨૦૧૧-૧૨ની નકલ મોકલી દેવામાં આવી છે. કિંગફિશરનું દેવું સતત વધી રહ્યું છે. બીજીબાજુ એરલાઈન્સની માંગ છે કે સરકાર વિદેશી એરલાઈન્સોને હિસ્સેદારી મેળવવા વિદેશી મુડીરોકાણનાં ધારાધોરણોને હળવા કરે.

## વડાપ્રધાનની સંપત્તિ વધીને બેગણી થઈ ગઈ

### પ્રફુલ પટેલની સંપત્તિ ૫૨ કરોડની આસપાસ : સિબ્બલની સંપત્તિ ૩૭.૨૨ કરોડ

નવી દિલ્હી, તા. ૯

વડાપ્રધાન મનમોહનસિંહની સંપત્તિ બેગણી થઈ ગઈ છે અને હવે તમની સંપત્તિ ૧૦.૭૩ કરોડની આસપાસ પહોંચી છે પરંતુ તેમની કેબિનેટનાં સભ્યો પૈકી ઘણાં સભ્યો તેમનાં કરતાં ખુબ ઘણી સંપત્તિ ધરાવે છે. ખુબ અમિર કેબિનેટ પ્રધાનોમાં પ્રફુલ પટેલનો સમાવેશ થાય છે. તેમની સંપત્તિ આશરે ૫૨ કરોડની આસપાસની છે. જ્યારે શરદ પવારની સંપત્તિ ૨૨ કરોડની આસપાસ છે. એમકે અજાગીરી સંપત્તિ ૯.૫૦ કરોડની છે. પીએમઓની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી પ્રધાનોની સંપત્તિની યાદીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. કેબિનેટ



પ્રધાનોની યાદીમાં સરંક્ષણ મંત્રી એકે એન્ટોનીની સંપત્તિ ૫૫ લાખ રૂપિયા છે જે સૌથી ઓછી સંપત્તિ છે. મનમોહનસિંહે નિવાસી સંપત્તિ, બેંક ડિપોઝીટ, મારૂતિ ૮૦૦ કાર તેમની સંપત્તિ તરીકે દર્શાવી છે. સિંહનાં બે ફ્લેટની કિંમત ૭.૨૭ કરોડની આસપાસની છે. આ બે ફ્લેટ ચંદીગઢ અન દિલ્હીમાં છે. સિંહની બેંક થાપણ અને મુડીરોકાણ ૩.૪૬ કરોડ રૂપિયાની આસપાસ છે. મનમોહનસિંહે ૧૦.૭૩ કરોડની આસપાસની સંપત્તિ જાહેર કરી છે. ગયા વર્ષે વડાપ્રધાને ૫.૧૧ કરોડની સંપત્તિ જાહેર કરી હતી. એ વખતે ચંદીગઢ અને દિલ્હીમાં વસંત કુંજ ખાતે તેમની માલિકીનાં ફ્લેટની કિંમત ૧.૭૮ કરોડ રૂપિયા હતી. ૨.૭૫ લાખ રૂપિયાની કિંમતનાં સોનાનાં દાગીના પણ તેમની પાસે છે. તેમની પાસે રહેલી મારૂતિ ૮૦૦ કારની કિંમત ૨૧૦૩૩ રૂપિયા છે. આવી જ રીતે કપિલ સિબ્બલની સંપત્તિ પણ જંગી છે. સિબ્બલની સંપત્તિ ૩૭.૨૨ કરોડની છે. કેન્દ્રિય ગૃહપ્રધાન સુશિલકુમાર શિન્દેની સંપત્તિ પણ ૫૦ લાખ રૂપિયાની છે. શિન્દે પાસે કાર, કૃષિ જમન, ગેસ્ટ હાઉસ છે. આવી જ રીતે વિદેશમંત્રી એસએમ કૃષ્ણાની સંપત્તિ ૧.૮૯ કરોડની આસપાસ છે. જ્યારે નાણંમંત્રી પી. ચિદમ્બરમની સંપત્તિ ૧૧.૯૬ કરોડની આસપાસની છે. પેટ્રોલિયમ મંત્રી જયપાલ રેડ્ડીની સંપત્તિમાં મકાન અને કૃષિ જમીન છે.

## બાલ ઠાકરે મુળભુત રીતે બિહારી છે : લાલુ યાદવ

પટણા, તા. ૯

રાષ્ટ્રિય જનતા દળનાં વડા લાલુ પ્રસાદ યાદવે આજે કહ્યું હતું કે બાલ ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે મુળભુત રીતે બિહારી હતા. તેઓ મહારાષ્ટ્રમાં ઘુસણખોરી કરી ગયા હતા. બિહારમાંથી તેઓ મહારાષ્ટ્રમાં પહોંચ્યા છે. બિહારી ઘુસણખોરીનાં મુદ્દે રાજ ઠાકરેની પ્રતિક્રિયા અંગે વાત કરતા લાલુએ કહ્યું હતું કે ઠાકરેનાં પરિવારનાં સભ્યો મુળભુત રીતે બિહારનાં છે. તેઓ મહારાષ્ટરમાં સ્થાયી થઈ ગયા છે. મુંબઈમાં તેઓ ઘુસણખોર તરીકે છે. શક્ય તેટલી વહેલીતકે આ લોકોએ મહારાષ્ટ્ર છોડી દેવું જોઈએ. બિહારનાં ભુતપુર્વ મુખ્યમંત્રી અને ભુતપુર્વ કેન્દ્રિયમંત્રીએ કહ્યું હતું કે આ દેશ તમામ લોકોનો છે. દરેક વ્યક્તિ કોઈપણ જગ્યાએ જઈને સ્વતંત્ર રીતે રહેવાનો અધિકાર ધરાવે છે. દેશની અંદર કોઈપણ જગ્યાએ કામ કરી શકે છે. મુંબઈ, દિલ્હી, ચૈન્નઈ અથવા બેંગ્લોરમાં જઈને નોકરી કરી શકે છે. સખત પરિશ્રમ કરીને મહારાષ્ટ્રનાં નવનિર્માણમાં બિહારીઓએ ચાવીરૂપ ભુમિકા ભજવી છે. લાલુએ કહ્યું હતું કે બિહારી લોકો તેના હિતોને નુકશાન પહોંચાડી રહ્યા નથી. કોઈ તંગદીલી ઉભી કરી રહ્યા નથી. બિહારીઓને દરેક જગ્યએ રહેવાનો અધિકારી છે. લાલુએ કહ્યું હતું કે ઠાકરે હંમેશા ઉત્તર ભારતીયો સામે અને ખાસ કરીને બિહારીઓ સામે પ્રચાર કરતા રહે છે.

## ટોચની ૮ કંપનીઓની માર્કેટ મૂડી ૩૭૩૯૯ કરોડ વધી છે

મુંબઈ, તા. ૯

શેરબજારમાં છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સની ટોચની આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં ૩૭૩૯૯ કરોડનો વધારો થયો છે. આરાઈએલ, ટીસીએસ અને ઈન્ફોસીસના નેતૃત્વમાં ટોચની કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થતા રોકાણકારોનેપણ રાહત થઈ છે. શેર બજારમાં એકંદરે તેજીના પરિણામ સ્વરૂપે માર્કેટ મુડીમાં વધારો થયો ચે. બીએસઈ-૩૦ સ્ટોક ઈન્ડેક્સમાં આશરે બે ટકાનો વધારો થયો છે. જેથી સેન્સેક્સ વધીને ૧૭૭૫૦ની સપાટીએ પહોંચી ગયો છે. તેજીના માહોલમાં આઈટીસી અને એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. શનિવારના દિવસે બે કલાક માટે બીએસઈ અને એનએસઈમાં ખાસ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. મળેલા આંકડા મુજબ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ મુડીમાં ૭૬૦૬ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૫૭૪૩૫ કરોડ સુધી પહોંચી ગઈ છે. જ્યારે ઈન્ફોસીસે ૭૦૪૩ કરોડ રૂપિયા ઉમેરી લીધા છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૧૪૩૩૨૨ કરોડ સુધી પહોંચી ગઈ છે. ટીસીએસની માર્કેટ મુડીમાં ૭૦૦૭ કરોડનો જંગી વધારો થતા તેની માર્કેટ મુડી વધીને ૨૭૦૭૦૩ કરોડ સુદી પહોંચી ગઈ છે. કોલ ઈન્ડિયાની માર્કેટ મુડી પણ આ ગાળા દરમિયાન ૪૮૦૧ કરોડ સુધી વધી ગઈ છે. જેથી માર્કેટ મુડી પણ ૨૨૭૬૧૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. હિન્દુસ્તાન યુનિલીવરની માર્કેટ મુડીમાં ૪૭૦૦ કરોડનો વધારો થયો છે. એનટીપીસીની માર્કેટ મુડીમાં પણ વધારો થયો છે. તેની માર્કેટ મુડી ૨૫૫૬ કરોડ સુધી વધીને ૧૪૧૦૩૮ કરોડ થઈ ગઈ છે. બીજી બાજુ બે ટોચની કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો પણ થયો છે. જેમાં આઈટીસી અને એચડીએફસીનો સમાવેશ થાય છે. આઈટીસીની માર્કેટ મુડીમાં ૩૨૫૧ કરોડનો જંગી ઘટાડો થયો છે જેથી તેની સંપત્તિ ઘટીને ૨૦૬૩૨૨ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે એચડીએફસી બેંકે ૧૦૬૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૧૩૯૧૩૭ કરોડ તઈ ગઈ છે. સેન્સેક્સની ટોચની ૧૦ કંપનીઓમાં ટીસીએસ યથાવત રહી છે. ત્યારબાદ ક્રમશ આરઆઈએલ, ઓએનજીસી, સીઆઈએલ, આઈટીસી, ઈન્ફોસીસ, એનટીપીસી, એચડીએફસી બેંક, એસબીઆઈ અને એચયુએલનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનિય છે કે ગયા સપ્તાહમાં સેન્સેક્સની ટોચની કંપનીઓ પૈકીની આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો હતો. પરંતુ આ વખતે બિલકુલ વિરૂદ્ધમાં આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે. આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારમાં માર્કેટ મુડીમાં ફરી ઉથલપાથલ જોવા મળશે. શેરબજારમાં કેટલાક નકારાત્મક પરિબળો પણ કામ કરી રહ્યા છે. જેના લીધે બજારમાં ઉથલપાથલ જોવા મળી રહી છે.

## વડાપ્રધાન ડિસેમ્બરમાં પાક.ની યાત્રા કરી શકે

નવી દિલ્હી, તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં સંબંધો દિનપ્રતિદિન વધુ મજબુત બની રહ્યા છે. સંબંધોને વધુ સામાન્ય બનાવવાની દિશામાં વડાપ્રધાન મનમોહનસિંહ પણ પાકિસ્તાન યાત્રા કરી શકે છે. પાકિસ્તાની મિડિયામાં જણાવવામાં આવ્યું છે કે મનમોહનસિંહ ડિસેમ્બરમાં પાકિસ્તાન પહોંચશે. પાકિસ્તાનનાં વિદેશ પ્રધાન હિના રબ્બાનીને ટાંકીને મુજબનો દાવો પાકિસ્તાની મિડિયામાં કરાયો છે. ભારતનાં વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાનું કહેવું છે કે વડાપ્રધાનની પાકિસ્તાની યાત્રા અંગે વાતચીત થઈ છે પરંતુ હજી તારીખ અંગે નિર્ણય લેવાયો નથી. પાકિસ્તાની ટીવી ચેનલનાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કૃષ્ણાની પાકિસ્તાની યાત્રા બાદ બંને દેશોનાં સંબંધો વધુ સામાન્ય બની રહ્યા છે.

**બાલ ઠાકરેનાં નિવેદનથી તર્ક વિતર્કોનો દોર**

## વડાપ્રધાન પદ માટે સુષ્મા સ્વરાજ બાલ ઠાકરેની પ્રથમ પંસદગી

### ગુજરાતનાં મુખ્યમંત્રી મોદીનાં નામ ઉપર હવે જેડીયુ બાદ શિવસેનાને પણ વાંધો : સુષ્મા કુશળ અને લાયક ઉમેદવાર

મુંબઈ, તા.૯

ભાજપમાં વડાપ્રધાન પદની લડાઈ અતિરોમાંચક બની ગઈ છે. ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં નામ ઉપર ચર્ચા ચાલી રહી છે ત્યારે એનડીએનાં ભાજપનાં સૌથી જુના સાથી શિવસેનાનાં વડા બાલ ઠાકરેએ હવે સુષ્મા સ્વરાજનું નામ આપી દીધું છે. બાલ ઠાકરેએ કહ્યું છે કે સુષ્મા સ્વરાજ વડાપ્રધાન પદ માટે તેમની પ્રથમ પસંદ છે. બાલ ઠાકરેએ લખ્યું છે કે ભાજપમાં સુષ્મા સ્વરાજ જ વડાપ્રધાન પદ માટે સૌથી યોગ્ય ઉમેદવાર છે. વડાપ્રધાન તરીકે સુષ્મા સ્વરાજ ખુબ સારી રીતે કામ કરી શકે છે. ઠાકરેએ કહ્યું છે કે તેઓ અગાઉ પણ અનેક વખત કહી ચુકયા છે કે સુષ્મા સ્વરાજ હોંશિયાર અને કુશળ છે. વડાપ્રધાન પદ માટે તેઓ તમામ કુશળતા ધરાવે છે. થોડાક દિવસ પહેલા જ મુંબઈ જઈને સુષ્મા સ્વરાજે બાલ ઠાકરે સાથે વાતચીત કરી હતી. આ મુલાકાતનાં દિવસો બાદ જ બાલ ઠાકરેએ સુષ્માનાં નામની રજુઆત કરી છે. આ અગાઉ પીએમને લઈને સુષ્મા સ્વરાજનાં નામની ચર્ચા કોઈએ પણ કરી નથી. સુષ્મા સ્વરાજનાં નામની ભલામણ કરવાનો મતલબ એ છે કે ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને તેઓ વડાપ્રધાન પદનાં ઉમેદવાર તરીકે ટેકો આપતાં નથી. આ બાબત મોદી માટે ચિંતાજનક છે. કારણ કે એનડીએમાં બે મોટા પક્ષ મોદીની સામે દેખાઈ રહ્યા છે જેમાં જેડીયુનો સમાવેશ થાય છે. જેડીયુએ અગાઉ મોદીનો વિરોધ કર્યો છે. હવે શિવસેનાએ પણ સુષ્મા સ્વરાજનાં નામ ઉપર પસંદગી ઉતારી છે. પીએમને લઈને બાલ ઠાકરેએ જે નિવેદન કર્યું છે તે પહેલા પણ તેઓ કરી ચુક્યા છે. અડવાણીનાં મામલે બાલ ઠાકરેએ કોઈ વાત કરી નથી. નવા સમિકરણો પણ દેખાઈ રહ્યા છે.

**નર્સ...એક પ્રેતકથા...** (પાના નં. ૪ નું ચાલુ)

મોનિકાની બેચેની વધવા લાગી હતી. તેનું વર્તન ક્યારેક વિચિત્ર કહી શકાય તેવું વર્તાતું. પણ કદાચ હવે ઘર સાથે મન મળી ગયું હોય અને ઘર છોડવાનું હોય તો આવું બને એમ પણ લાગતું.

દીકરાને લઈ આજે છેલ્લો દિવસ રૂટીન ચેક અપ માટે સૌને દવાખાને જવાનું હતું. મોનિકા બેચેન હતી. ગાડીમાં સૌ ગોઠવાયાં. મોનિકા રવિવારે આવી પૈસા લઈ જશે તેમ નક્કી થયું હતું.

હોસ્પિટલ જેમ જેમ નજીક આવતી ગઈ તેમ મોનિકાની અકળામણ વધવા લાગી અને હોસ્પિટલે ગાડી પહોંચી.

મોનિકાએ દીકરાને તેડી લીધો હતો. આંખ ભીની હતી. શિલ્પાબેન તેના મનની વેદના સમજતાં હતાં, તેમણે દીકરાને તેડી લીધો. મોનિકા આંખોના ખૂણા લૂછતી લાગી. અને બોલી પણ ખરી. "તમે સૌ ચાલો, હું બાબાની વસ્તુઓ લઈ આવું છું."

સૌ ચાલ્યા, ડો. કરમાકરની ચેમ્બરમાં ગોઠવાયાં અને હસી હસીને સૌ વાતો કરતાં હતાં ત્યાં અચાનક શિલ્પાબેનની નજર વેઈટીંગ રૂમમાં દિવાલ ઉપર ટાંગેલા ફોટો ઉપર પડી. સુખડના હાર સાથેની એ તસ્વીર નર્સ મોનિકાની હતી. શિલ્પાબેન ઘડીભર શૂન્ય બની ગયાં અને ડોકટરે ખુલાસો કર્યો, "આ મોનિકાનો ફોટો છે. અમારા હોસ્પિટલ સૌથી બેસ્ટ નર્સ હતી. ગયે વર્ષે તે જ્યારે પ્રેગનેન્ટ હતી અને ઘેર જતી હતી ત્યારે અકસ્માતમાં તેનું કરૂણ મૃત્યું થયું હતું."

શિલ્પાબેન દિગ્મૂઢ બની ગયાં, સાથેનાં સૌ અવાચક્ બની ગયા. શિલ્પાબેન હૃદયના ધબકાર ચૂકી ગયાં. ગભરાઈ ગયાં. ધ્રુજવા લાગ્યાં, દીકરો પડતાં પડતાં રહી ગયો. બધું ડરામણું ભાસવા લાગ્યું. કાંપતાં સ્વરે તે એટલું બોલી શક્યાં, "ડોક્ટર, આજ મોનિકાએ બે મહિના મારા દીકરાની સાર- સંભાળ રાખી હતી. શું તે મોનિકાનું પ્રેત હતું?" અને શિલ્પાબેન બેહોશ બની ગયાં.

બહાર ગાડી પાસે કોઈ ન હતું.

(ક્રમશઃ)

## ટુજી કેસ : શ્રીવાસ્તવની આજે રાજા ઉલટ તપાસ કરે તવી વકી

નવી દિલ્હી, તા.૯

ભુતપુર્વ ટેલિકોમ પ્રધાન એ રાજા ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ કેસમાં આવતીકાલે ચાવીરૂપ પ્રોસિક્યુશન સાક્ષી એકે શ્રીવાસ્તવની ઉલટ તપાસ શરૂ કરશે. દિલ્હી કોર્ટમાં આ ઉલટ તપાસ કરાશે. આ કેસમાં ટ્રાયલનો સામનો સામનો કરી રહેલા રાજાએ અગાઉ પ્રોસિક્યુશન સાક્ષીઓની તેમની ઉલટ તપાસને મોકુફ રાખવા ખાસ સીબીઆઈ જજ ઓપી સૈનીની પરવાનગી માંગી હતી. તેમનાં વકિલ સુશિલ કુમાર ઉપલબ્ધ નહીં હોવાનાં કારણે ટેલિકોમ વિભાગનાં ભુતપુર્વ ડેપ્યુટી ડિરેક્ટર જનરલ એકે શ્રીવાસ્તવની ઉલટ તપાસને મોકુફ રાખવા રાજાએ રજુઆત કરી હતી. શ્રીવાસ્તવની જુબાનીને ટુજી કેસમાં ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. કારણ કે તેઓએ એવી જુબાની આપી હતી કે ટેલિકોમ પ્રધાન તરીકે રાજા ડોટમાં પોલીસી મામલાઓ અંગે નિર્ણય લેવામાં અંતિમ સત્તા તરીકે હતા. તેમણે એમપણ કહ્યું હતું કે રાજાએ તેમનાં સ્તરે લાયસન્સની ફાળવણી મામલે પોલીસી અંગે વડાપ્રધાનને વાત કરી હતી. રાજા શ્રીવાસ્તવની ઉલટ તપાસ પહેલા કરનાર હતા.

## ઇમરાન-બિપાશાની રાજ-૩ને શરૂઆતમાં સરેરાશ સફળતા

મુંબઈ, તા. ૯

બિપાશા બસુ, ઈશા ગુપ્તા અને ઈમરાન હાશમી અભિનીત રાઝ-૩ ફિલ્મને બોક્સ ઓફિસ ઉપર શરૂઆતનાં દિવસોમાં સારી સફળતા મળી ગઈ છે. આ ફિલ્મ હોરરની સાથે સાથે સેક્સી અને બોલ્ડ સીનથી ભરપુર હોવાથી યુવાપેઢીને આકર્ષિત કરી રહી છે. વિક્રમ ભટ્ટની રાઝ-૩ને બોક્સ ઓફિસ ઉપર શરૂઆતમાં સારો પ્રતિસાદ મળ્યો છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ ઉપર ૧૧ કરોડની કમાણી કરી લીધી છે. ઈમરાન અને બિપાશા બસુની હજુ સુધીની આ પ્રથમ એવી ફિલ્મ છે જે સારી કમાણી તરફ વધી રહી છે. કુલ ૧૧.૦૫ કરોડની કમાણી કરી ચુકી છે. સિંગલ સ્ક્રિન થિયેટરોમાં આ ફિલ્મ વધુ સારી સફળતા મેળવી રહી છે. જો કે આ ફિલ્મને એક નિરાશા પણ હાથ લાગી ગઈ છે. કારણ કે દુબઈમાં આ ફિલ્મ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ભારતમાં ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સાત અમિરાક ગ્રુપનાં સેન્સર બોર્ડે ફિલ્મ ઉપર પ્રતિબંધ મુક્યો છે. કારણ એ આપવામાં આવ્યું છે કે આ ફિલ્મમાં બોલ્ડ અને સેક્સી સીન રાખવામાં આવ્યા છે જે રૂઢી વાદી દેશોમાં લોકો સ્વિકરાશે નહીં. જો કે ફિલ્મનાં ડિસ્ટ્રીબ્યુટરોનનું કહેવું છે કે બોર્ડે ફિલ્મની અંદર એડલ્ટ સામગ્રીનો મુદ્દો ઉઠાવ્યો છે. પરંતુ આ મામલાને ઉકેલવાનાં પ્રયાસ ચાલી રહ્યા છે. યુએઈમાં આ ફિલ્મ ઉપર શરૂઆતમાં એક સપ્તાહ માટે પ્રતિબંધ મુકાયો છે. આમાં થોડાક ફેરફાર પણ કરવામાં આવ્યા છે. રાઝ-૩ને પ્રાથમિક દિવસોમાં સારી સફળતા મળી રહી છે.

## હક્કાની નેટવર્ક પર પ્રતિબંધ બિનઅસરકારક : તાલિબાન

કાબુલ, તા.૯

તાલિબાને આજે અલકાયદા સાથે સંકળાયેલા હક્કાની નેટવર્કને એક આતંકવાદી સંગઠન તરીકે બ્લેક લિસ્ટમાં મુકવાનાં અમેરિકાનાં નિર્ણયની ટીકા કરી છે. તાલિબાને કઠોર શબ્દમાં કહ્યું છે કે હક્કાની સંગઠન ઉપર પ્રતિબંધ મુકવાની કોઈપણ અસર દેખાઈ રહી નથી. તાલિબાને એમપણ કહ્યું છે કે આ પ્રતિબંધથી તેનાં અભિયાન ઉપર કોઈપણ અસર થશે નહીં. અફઘાનિસ્તાનમાં અમેરિકાનાં હારનાં સંકેત દેખાઈ રહ્યા છે. માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટર ઉપર જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનમાં હક્કાની નામનું કોઈ અલગ જુથ નથી. સાથે સાથે એમપણ જણાવવામાં આવ્યું છે કે હક્કાની નેટવર્કનાં સ્થાપક અને તેનાં લિડર તાલિબાનનાં સર્વોચ્ચ નેતા મુલ્લા ઉમર સંપુર્ણપણે વફાદાર છે. અફઘાનિસ્તાનમાં એક દશક લાંબા સમયથી નાટોનાં જવાનો અને અફઘાન સરકાર સામે તાલિબાને તેની લડત ચાલુ રાખી છે. તાલિબાન મિલિસ્યાએ દાવો કર્યો છે કે ભુતકાળમાં પણ આ પ્રકારનાં પગલા અમેરિકા દ્વારા લેવામાં આવી ચુક્યા છે પરંતુ આતંકવાદની પ્રવૃત્તિ ઉપર કોઈ અસર થઈ નથી. અમેરિકાનાં નવા પગલાની પણ કોઈ અસર થશે નહીં.

## રાષ્ટ્રપતિ મુખર્જીએ તિરૂપતિ બાલાજીમાં વિશેષ પૂજા કરી

તિરૂપતિ, તા. ૯

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આજે સવારે તિરૂમાલામાં ભગવાન વેંકટેશ્વરના વિશ્વ પ્રસિદ્ધ મંદિરમાં પુજા કરવા માટે પહોંચ્યા હતા. તિરૂપતિ બાલાજીના દરબારમાં પ્રણવ મુખર્જીનું ભવ્ય સ્વાગત પુજારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. દેશના રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રથમ વખત મુખર્જી મંદિરમાં પહોંચ્યા હતા. મંદિર સંકુળમાં તેઓ થોડાક સમય સુધી રોકાયા હતા. મંત્રોચ્ચાર વચ્ચે મુખર્જી આ ૨૦૦૦ વર્ષ જુના મંદિરના પ્રવેશ દ્વાર મારફતે ગર્ભગૃહમાં પહોંચ્યા હતા. જ્યાં તેઓએ પુજા કરી હતી. મંદિરના સુત્રોએ કહ્યું છે કે તેઓ આશરે અડધા કલાક સુધી મંદિરમાં રોકાયા હતા. સુત્રોએ કહ્યું છે કે પુજા બાદ પ્રણવ મુખર્જીએ દાન પેટીમાં દાન પણ કર્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિને મંદિરના અધિકારીઓએ સિલ્કના પવિત્ર વસ્ત્ર, પુજાનું પાણી અને પ્રસાદ તરીકે લાડુ આપવાની વિધી કરી હતી. પુજારીઓએ રંગનાયક મંડપમાં દેશના પ્રથમ નાગરિકને આશાર્વાદ પણ આપ્યા હતા. રાષ્ટ્રપતિની સાથે આંધ્રપ્રદેશના રાજ્યપાલ નરસિમ્હન, મુખ્ય પ્રધાન કિરણ કુમાર રેડ્ડી અને તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમના અધ્યક્ષ કે બાપીરાજ પણ હતા. પંરપરા મુજબ રાષ્ટ્રપતિ ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં જતા પહેલા નજીકમાં આવેલા આદિ વારાહસ્વામી મંદિરમાં પણ પહોંચ્યા હતા. તેમની અહીંની યાત્રાને ધ્યાનમાં લઈને પહેલાથી જ મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી.

**પુજાની સાથે સાથે.......**

- પ્રણવ મુખર્જી સવારે તિરૂમાલામાં ભગવા વેંકટેશ્વરનાં મંદિરમાં પહોંચ્યા
- પુજારીઓ દ્વારા રાષ્ટ્રપતિનું ભવ્ય સ્વાગત કરાયું
- રાષ્ટ્રપતિ બન્યા બાદ મંદિરમાં પ્રથમ વખત પહોંચ્યા
- ૨૦૦૦ વર્ષ જુના મંદિરમાં પ્રવેશ દ્વારા મારફતે ગર્ભગૃહમાં પહોંચ્યા
- પુજા બાદ દાનપેટીમાં દાન પણ કર્યું
- મંદિરનાં અધિકારીઓએ સિલ્કનાં પવિત્ર વસ્ત્ર, પુજાનું પાણી અને પ્રસાદ પણ રાષ્ટ્રપતિને આપ્યા
- રંગનાયક મંડપમાં દેશનાં પ્રથમ નાગરિકને આશિર્વાદ પણ આપ્યા
- રાષ્ટ્રપતિની સાથે આંધ્રનાં રાજ્યપાલ અને મુખ્યપ્રધાન પણ હતા